૧૬૮૪-૧૭૨૦

ક્રમાંકઃઘ/અ-૧/માધ્ય/૨૦૧૮/.
નિયામકશ્રી, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૧ / ૪/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા આચાર્યની ભરતી પ્રક્રિયા બાબત

સંદર્ભ : (૧) તા.૪/૪/૨૦૧૮ના રોજ યોજવામા આવેલ વિડીયો કોન્ફરન્સ

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા આચાર્યની ભરતી પ્રક્રિયામા ઉમેદવારો પાસેથી ઓન લાઈન મેળવેલ અરજીપત્રકોમાં પુનઃ ચકાસણી બાદ સુધારાની કાર્યવાહી બાબતે તા.૪/૪/૨૦૧૮ના રોજ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની વિડીયો કોન્ફરન્સ યોજવામા આવેલ, તેમાં વિવિધ જિ.શિ.અ.શ્રી.ઓ તરફથી સુધારા અન્વયે રજુ થયેલ પ્રશ્નોના પ્રત્યુત્તર આ સાથે સામેલ છે.

જે ધ્યાને લઈ અરજીપત્રકોમાં ઑનલાઈન સુધારાની કાર્યવાહી ૧૩/૪/૨૦૧૮ સુધીમા પૂર્ણ કરવા જણાવવામા આવે છે.

માન. નિયામકશ્રીના નોંધ પરના આદેશાનુસાર

મદદનિશ શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ
નકલ રવાના જાણ સારૂ :
નાયબ નિયામકશ્રી (IDESS) પરિપત્ર નં - ૨૦

પ્રતિ
આચાર્ય ભરતી-૨૦૧૮ ઉમેદવારો તમામ (મારફત આચાર્યશ્રી, આણંદ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓ તમામ)

આ સાથે સામેલ સુચનાઓ મુજબ હજુ પણ કોઈને સુધારો કરવાનો હોય તો તારીખ ૧૩/૪/૧૮નાં રોજ ૩:૦૦ કલાક સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરી-આણંદ ખાતે આધારો સાથે રૂબરૂ આવવું. અન્યથા પાછળથી કોઈ સુધારો કરવાનો રહેશે નહી તેવું જાણી લેવામાં આવશે.